કપડવંજમાં કાળમુખી નર્મદા કેનાલ | એક જ પરિવારના ચાર સભ્યોના કરૂણ મોતથી પંથકમાં અરેરાટી

# કેનાલમાં ડૂબી જતાં એક જ પરિવારના 4ના મોત

**કપડવંજમાં બે માસૂમ** પુત્રી સાથે માતાએ કેનાલમાં ઝંપલાવ્યું હતું

**પરિવારને બચાવવા** પડેલા પિતા પણ પાણીમાં ગરકાવ

(પ્રતિનિધિ) કપડવંજ તા.9

કપડવંજના ફતિયાબાદ પાસે આવેલી નર્મદા કેનાલ એક હસતા-રમતા પરિવાર માટે કાળ બનીને ત્રાટકી હતી. બાવાના મુવાડા ગામના સોલંકી પરિવારના ચાર સભ્યોના કેનાલમાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજતા સમગ્ર પંથક શોકમાં ગરકાવ થઈ ગયો છે. હૃદયને હચમચાવી દેતી આ ઘટનામાં, માતાએ પોતાની બે માસૂમ દીકરીઓ સાથે કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી, જેમને બચાવવા જતાં પિતા પણ પાણીના પ્રવાહમાં હોમાઈ ગયા હતા.

કપડવંજ પંથકમાં એક અત્યંત ચોંકાવનારી અને કાળજું કંપી જાય તેવી ઘટના બની છે. બાવાના મુવાડા ગામના રહેવાસી સપનાબેન વિનુભાઈ સોલંકીએ પોતાની બે પુત્રી, નિધીબેન અને કાળીબેન સાથે ફતિયાબાદ નર્મદા કેનાલમાં શુક્રવારના રોજ ઝંપલાવ્યું હતું. પોતાની પત્ની અને બાળકોને ડૂબતા જોઈ, તેમને બચાવવા માટે પિતા વિનુભાઈ સુરેશભાઈ સોલંકીએ પણ કશું જ વિચાર્યા વગર કેનાલમાં કૂદકો





માર્યો હતો. જોકે, કુદરતને કંઈક બીજું જ મંજૂર હતું; કેનાલના ઊંડા પાણીમાં પરિવારના ચારેય સભ્યો ગરકાવ થઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉમટી પડ્યા હતા. પોલીસ અને બચાવ ટીમો દ્વારા કલાકોની શોધખોળ બાદ માતા, પિતા અને બંને પુત્રીઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. આ તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડાયા છે. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ પરિવારે આવું આત્યંતિક પગલું કેમ ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ એક જ પરિવારના ચાર સભ્યોની નિકળેલી સ્મશાનયાત્રાએ આખા પંથકની આંખો ભીની કરી દીધી છે.

કપડવંજ તાલુકાના બાવાના મુવાડા ગામે રહેતા સપનાબેન સોલંકીએ બંને ફૂલ જેવી દીકરી 3 વર્ષની નીતિ અને માત્ર 3 માસની કાળી સાથે કોઈ અગમ્ય કારણોસર નહેરમાં કૂદી આપઘાત કરવાનો મુદ્દો કપડવંજ પંથકમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. હાલ આ અંગે પોલીસ વિવિધ પાસા તપાસી રહી છે.

### તંત્રની લાપરવાહી સામે ગ્રામજનોમાં ભારે રોષ

આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે વિસ્તારમાં ફાયર બ્રિગેડની ટીમનો અભાવ હોવાથી બચાવ કામગીરીમાં વિલંબ થયો હતો. જો સમયસર પૂરતી બચાવ વ્યવસ્થા અને સાધનો ઉપલબ્ધ હોત, તો કદાચ આ ચાર જિંદગીઓ બચાવી શકાઈ હોત.

### ઘરકંકાસમાં પગલું ભર્યું હોવાની આશંકા



કપડવંજ ડિવિઝનના ડીવાયએસપી વિક્રમસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજે 5 વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. જેમાં બાળકો સહિત ચારેયના મોત નીપજ્યા છે. આ મામલે મૃતકના પિતા સુરેશભાઈ સોલંકીએ આતરસુંબા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે ચારેય મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા છે. હાલમાં આ આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. કયા સંજોગોમાં કે પારિવારિક કંકાસના કારણે માતાએ પોતાની ફૂલ જેવી દીકરીઓ સાથે આ આત્યંતિક પગલું ભર્યું તે દિશામાં પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# માતરના કોર્ટ સંકુલ બહાર બે શખ્સે વેપારીને માર માર્યો

**ચાનોર ગામના સરપંચ** પતિ સહિત બે સામે ફરિયાદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

માતર કોર્ટની બહાર જૂની લેવડદેવડની અદાવત રાખીને લિંબાસીના એક વેપારી પર ચાનોર ગામના મહિલા સરપંચના પતિ સહિત બે શખ્સોએ હુમલો કરી માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. આ હુમલાખોરોએ વેપારીને ફરી કોર્ટમાં દેખાશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

મળતી વિગતો અનુસાર, લિંબાસીમાં રાઈસ મિલ ચલાવતા જીગ્નેશકુમાર ઠક્કર શુક્રવારે માતર કોર્ટમાં પોતાની મુદતે ગયા હતા. સવારે 11:30 વાગ્યાની આસપાસ તેઓ કોર્ટની કાર્યવાહી પતાવી પરત જવા પોતાની ગાડીમાં બેઠા હતા, ત્યારે ચાનોરના ઈનાયતમીયા કુરેશી અને લિંબાસીના કેસરીસિંહ સોલંકી ત્યાં ધસી આવ્યા હતા. આ બંને શખ્સોએ અગાઉની અદાવત રાખી વેપારીને બેફામ ગાળો ભાંડી હતી . જ્યારે જીગ્નેશકુમારે ગાળો બોલવાની ના પાડી ત્યારે ઈનાયતમીયાએ ઉશ્કેરાઈ જઈને તેમને મોઢાના ભાગે લાફો ઝીંકી દીધો હતો અને કેસરીસિંહે ગડદાપાટુનો માર માર્યો હતો. આ હુમલામાં વેપારીને ડાબા હાથની આંગળીએ ઈજા પહોંચી હતી. હુમલાખોરોએ ધમકી આપી હતી કે, જો ફરી વખત આ કોર્ટમાં કોઈ પણ કેસની મુદતે આવશે તો જાનથી મારી નાખીશું. આ સમગ્ર મામલે જીગ્નેશકુમાર ઠક્કરે માતર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

વિદ્યાનગરની 'શ્રી આનંદ સાંઈ ટ્રાવેલ્સ'ના સંચાલકોએ નકલી ઈ-વિઝા પધરાવ્યાં

# આણંદના યુવકને વિદેશ મોકલવાના બહાને બે ગઠિયાએ 14 લાખ ખંખેર્યાં

**વિદ્યાનગર પોલીસે બે** ગઠિયાઓ સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.9

વલ્લભ વિદ્યાનગરમાં વિદેશ જવાની લાલચ આપી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવતી ટોળકીઓ સક્રિય થઈ છે. આયરલેન્ડ અને ન્યુઝીલેન્ડ મોકલવાના બહાને આણંદના એક યુવક સાથે રૂ. 14 લાખની છેતરપિંડી થઈ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીઓએ યુવકને નકલી ઈ-વિઝા આપી છેક અમદાવાદ એરપોર્ટ સુધી ધક્કો ખવડાવ્યો હતો, જ્યાં તપાસ દરમિયાન વિઝા નકલી હોવાનું બહાર આવતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો.

આણંદના સુનીલભાઈ નારાયણભાઈ કનોજીયાએ વિદેશ જઈ ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની આશાએ વલ્લભ વિધાનગર ખાતે કાર્યરત 'શ્રી આનંદ સાંઈ ટ્રાવેલ્સ એન્ડ કન્સલ્ટન્સી'ના સંચાલકો પ્રતીકકુમાર કૈશીકભાઈ પટેલ અને મનીષ ઠક્કરનો સંપર્ક કર્યો હતો. આ ગઠિયાઓએ સુનીલભાઈને વિશ્વાસમાં લઈ આયરલેન્ડ મોકલી ત્યાં નોકરી અપાવવાનો વાયદો કર્યો હતો, જેના માટે રૂ. 13 લાખ આપવાની સમજુતી સાથે લેખિત કરાર પણ કરવામાં આવ્યો હતો.

જોકે, સાત-આઠ મહિના વીતી ગયા છતાં વિઝા ન આવતા સુનીલભાઈએ સંચાલકોને પૂછપરછ કરી હતી. આથી, ગઠિયાઓએ તારીખ ન મળવાનું બહાનું બતાવી ન્યુઝીલેન્ડના વિઝા સરળતાથી મળી જશે તેમ કહી વધુ 1 લાખની માંગણી કરી કુલ રૂ. 14 લાખ પડાવ્યા હતા. આ રકમ આરોપીઓએ અલગ-અલગ સમયે રોકડેથી અને ઓનલાઈન માધ્યમથી સ્વીકારી હતી.

આ છેતરપિંડીની હદ તો ત્યારે થઈ જ્યારે ગઠિયાઓએ સુનીલભાઈને નકલી ઈ-વિઝા પધરાવી દીધા અને તેમને અમદાવાદ એરપોર્ટ જવા કહ્યું હતું. સુનીલભાઈ જ્યારે એરપોર્ટ પહોંચ્યા ત્યારે તપાસમાં જાણવા મળ્યું કે તેમના વિઝા નકલી છે. આ જાણી સુનીલભાઈના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જ્યારે સુનીલભાઈએ પોતાના પૈસા પાછા માંગ્યા ત્યારે આરોપીઓએ બે મહિના સુધી ગોળ-ગોળ જવાબો આપ્યા હતા અને અંતે પૈસા આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાનો અહેસાસ થતા સુનીલભાઈએ વિદ્યાનગર પોલીસ મથકે પ્રતીકકુમાર પટેલ અને મનીષ ઠક્કર વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આણંદમાં વિદેશ મોકલવાના બહાને વારંવાર થતી છેતરપિંડીથી ભારે રોષ જોવ મળી રહ્યો છે.

# મહેળાવમાં સગીરા પર 5 માસ સુધી દુષ્કર્મ ગુજાર્યું

**લગ્નની લાલચ આપી** હવસનો શિકાર બનાવી

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ જિલ્લાના મહેળાવ પોલીસ મથક વિસ્તારમાં માનવતાને શરમાવે તેવી એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. એક 16 વર્ષ અને 5 માસની સગીરાને લગ્નની લાલચ આપી છેલ્લા પાંચ મહિનાથી અવારનવાર પોતાની હવસનો શિકાર બનાવનાર શખ્સ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, પેટલાદ તાલુકાના મહુડીયાપુરા ગામનો રહેવાસી કીશન વિનુભાઇ પરમાર નામનો યુવક આ ગુનામાં સંડોવાયેલો છે. આરોપીએ સગીરાને પટાવી-ફોસલાવી અને લગ્નની ખોટી લાલચ આપી તેની સાથે પાંચ મહિના સુધી અવારનવાર શરીર સંબંધ બાંધ્યા હોવાનું બહાર આવ્યું છે.

આ નરાધમ આટલેથી જ ન અટકતા, ગત તારીખ 1લી મે,2026 ના રોજ બપોરના સમયે સગીરાને તેના વાલીના કાયદેસરના રક્ષણમાંથી દુષ્કર્મ કરવાના બદઈરાદે ભગાડી ગયો હતો. આ ઘટના બાદ ભોગ બનનારના પરિવારે તાત્કાલિક મહેળાવ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

આ સમગ્ર મામલે ભોગ બનનારના પરિવારની ફરિયાદને આધારે મહેળાવ પોલીસે કીશન પરમાર વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યાં છે.

# આણંદમાં બેંક ઓફિસરના બંધ બંગલામાંથી 5.50 લાખની ચોરી

**રિનોવેશન** હેઠળના મકાનનાં તાળાં તોડી સોના-ચાંદીના દાગીનાની ચોરી

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ શહેરના મંગળપુરા રોડ પર આવેલ 'પરમદ્રષ્ટી બંગલોઝ'માં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના સહિત કુલ 5.50 લાખની મતાની ચોરી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ઈન્ડસઈન્ડ બેંકમાં આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડેન્ટ તરીકે ફરજ બજાવતા અધિકારીના મકાનમાં રિનોવેશન ચાલતું હોવાથી પરિવાર બહાર હતો, જેનો લાભ ઉઠાવી તસ્કરોએ આ સાફસુફી કરી હતી.

### તસ્કરો શું શું ચોરી ગયાં ?

તસ્કરોએ તિજોરીના લોકરમાંથી સોનાના ઘરેણામાં 2 સોનાની ચેઇન, 3 વીંટી, 2 જોડ બુટ્ટી (અંદાજે સાડા ત્રણ તોલા, કિંમત 3.50 લાખ). ચાંદીના ઘરેણામાં 1 જોડ પાયલ, 6 વીંટી, 2 બંગડીઓ, 5 જોડ છડા, લોકેટ, નાળિયેર, મૂર્તિ, 20 સિક્કા અને 3 નાની લગડી (અંદાજે એક કિલો, કિંમત 2 લાખ) મળી કુલ 5.50 લાખની મતાની ચોરી ગયાં હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર, આણંદના વિદ્યાનગરમાં આવેલી ઈન્ડસઈન્ડ બેંકમાં આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડેન્ટ તરીકે ફરજ બજાવતા વિરેન્દ્રભાઈ વૈધના મકાનમાં ચોરીની આ ઘટના બની છે. મકાનમાં રિનોવેશનનું કામ ચાલતું હોવાને કારણે વિરેન્દ્રભાઈનો પરિવાર હાલ અન્ય સ્થળે રહેવા ગયો હતો, જેના કારણે બંગલો બંધ હતો.

જ્યારે મકાનનું કામ કરવા માટે 5મી મે,2026ના રોજ સવારે કોન્ટ્રાક્ટર ત્યાં પહોંચ્યા, ત્યારે તેમને મકાનના તાળાં તૂટેલા જણાયા હતા. તેમણે તુરંત મકાનમાલિક વિરેન્દ્રભાઇને જાણ કરી હતી. આ તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે, તસ્કરોએ ઉપરના માળના તાળાં અને નકુચા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરનો તમામ સરસામાન વેરણછેરણ કરી નાખ્યો હતો. આ મામલે આણંદ ટાઉન પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# તારાપુરમાં વાહનની ટક્કરે હોટલ વેઈટરનું કરુણ મોત

**ધર્મજ તરફથી આવતા** બેફામ વાહને રોડ ક્રોસ કરી રહેલા આધેડને હડફેટે લીધા

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદના તારાપુર હાઈવે પર શુક્રવારે રાત્રે વધુ એક હિટ એન્ડ રનની ઘટનામાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. હાઈવે પર આવેલી તારા હોટલમાં વેઈટર તરીકે કામ કરતા આધેડ જ્યારે રોડ ઓળંગી રહ્યા હતા, ત્યારે ધર્મજ તરફથી આવતા એક અજાણ્યા ફોર-વ્હીલર ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં આધેડનું કરુણ મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક રમેશભાઇ માધવભાઇ વણકર (ઉ.વ. 49), જેઓ મૂળ પેટલાદ રામોદડીના રહેવાસી હતા, તેઓ તારાપુર હાઈવે પરની તારા હોટલમાં વેઈટર તરીકે ફરજ બજાવતા હતા. શુક્રવારે રાત્રિના સમયે નોકરી દરમિયાન રમેશભાઇ પડીકી લેવા માટે હોટલની સામે આવેલા ગલ્લા તરફ ગયા હતા. જ્યારે તેઓ પડીકી લઈને પરત ફરી રહ્યા હતા, ત્યારે ધર્મજ તરફથી આવતા એક અજાણ્યા વાહન ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી તેમને હડફેટે લીધા હતા.

આ અકસ્માતની ટક્કર એટલી પ્રચંડ હતી કે રમેશભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જ્યા બાદ ચાલક અંધારાનો લાભ લઈ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે તારાપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

નડિયાદના માર્ગો હાઈટેક રોશનીથી ઝળહળતાં વાહનચાલકોને રાહત

# નડિયાદમાં લાખોના ખર્ચે નવા વીજપોલ નાખવાનું કામ શરૂ

**મરીડા રોડ પર લાઈટો** શરૂ, જ્યારે ડભાણ અને ફતેપુરા રોડ પર કામગીરી પ્રગતિમાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેર અને તેની હદમાં નવા ભળેલા ગ્રામ્ય વિસ્તારો વચ્ચેના સંપર્ક માર્ગોને વધુ સુવિધાયુક્ત અને અત્યાધુનિક બનાવવાના હેતુથી લાખો રૂપિયાના ખર્ચે નવા વીજપોલ ઉભા કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરના મુખ્ય ત્રણ માર્ગો પર હાલમાં રાત-દિવસ કામગીરી ચાલી રહી છે, જેથી નાગરિકોને રાત્રિના સમયે પૂરતી રોશની મળી રહે.



આ કામગીરીની વિગતો મુજબ, નડિયાદના મરીડા રોડ પર નવા વીજપોલ નાખીને તેને કાર્યરત પણ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે આ માર્ગ હાલમાં ઝળહળતી રોશનીથી પ્રકાશિત થઈ રહ્યો છે. આ ઉપરાંત, ડભાણ રોડ પર વીજપોલ નાખવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે અને ત્યાં જરૂરી માળખાગત સુવિધા ઉભી થઈ ગઈ છે. જ્યારે ફતેપુરા રોડ પર હાલમાં વીજપોલ નાખવાની પ્રાથમિક તબક્કાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થવાની સંભાવના છે. નડિયાદ મનપાની આ કામગીરી પૂર્ણ થવાથી શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. રસ્તાઓ પર હાઈટેક લાઈટોની સુવિધા થવાથી રાત્રિના સમયે વાહનચાલકો માટે સુરક્ષા વધશે અને અકસ્માતનો ભય પણ ઘટશે.

# સરદાર પટેલ કો-ઓપ. ડેરી ફેડરેશનના ચેરમેન પદે ડો.જયેન મહેતા વરાયાં

**ગાંધીનગર ખાતે** સર્વાનુમતે લેવાયેલા નિર્ણયમાં વાઇસ-ચેરમેન પદે સંગ્રામ ચૌધરીની બિનહરીફ

(પ્રતિનિધિ) આણંદ તા.9

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF - અમૂલ)ના મેનેજિંગ ડિરેક્ટર ડો. જયેન મહેતાની સરદાર પટેલ કો-ઓપરેટિવ ડેરી ફેડરેશન લિમિટેડના ચેરમેન તરીકે સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે. અમૂલફેડ ડેરી, ગાંધીનગર ખાતે યોજાયેલી ચૂંટણીમાં બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના પ્રતિનિધિ સંગ્રામ ચૌધરીને વાઈસ-ચેરમેન તરીકે ચૂંટવામાં આવ્યા છે. આ વરણી સાથે જ દેશભરમાં સહકારી ડેરી આંદોલનને વધુ મજબૂત બનાવી 'સહકારથી સમૃદ્ધિ' ના વિઝનને વેગ આપવા નવી નેતાગીરી સજ્જ થઈ છે.



સરદાર પટેલ કો-ઓપરેટિવ ડેરી ફેડરેશન લિમિટેડના પદાધિકારીઓની આ ચૂંટણીમાં ડો.જયેન મહેતાના નામનો પ્રસ્તાવ GCMMF ના ચેરમેન અશોક ચૌધરી દ્વારા મૂકવામાં આવ્યો હતો, જેને અમૂલ ડેરીના ચેરમેન શાભેસિંહ પરમારે સમર્થન આપ્યું હતું. ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા નિયુક્ત રિટર્નિંગ ઓફિસર અને ગાંધીનગરના કલેક્ટર રવિન્દ્ર ડી. ખટાલે દ્વારા આ ચૂંટણી પરિણામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. સંસ્થાના બાયલોઝ મુજબ, બંને હોદ્દેદારો 5મી મે 2026 થી બોર્ડ ઓફ ડિરેક્ટર્સના કાર્યકાળ સુધી પોતાની સેવાઓ આપશે.

ઉલ્લેખનીય છે કે, એસપીસીડીએફનું ઉદ્ઘાટન 6ઠ્ઠી જુલાઈ 2025ના રોજ કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ફેડરેશનના બોર્ડમાં GCMMF અને તેના 10 સભ્ય દૂધ સંઘો ઉપરાંત આસામ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ ની સહકારી મંડળીઓના પ્રતિનિધિઓનો પણ સમાવેશ થાય છે. આ સંસ્થાનો મુખ્ય હેતુ 20 રાજ્યોના 20 હજારથી વધુ ગામોના 20 લાખથી વધુ દૂધ ઉત્પાદક ખેડૂતોને ગુજરાત બહાર સંગઠિત સહકારી માળખા સાથે જોડી તેમને દૂધના વ્યાજબી ભાવ અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવાનો છે.

આ પહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સહકાર મંત્રી અમિત શાહના "વ્હાઈટ રિવોલ્યુશન 2.0" ના વિઝનને સુસંગત છે. નવનિયુક્ત ચેરમેન ડો.જયેન મહેતા અને વાઈસ-ચેરમેન સંગ્રામ ચૌધરીએ તેમના પર મૂકવામાં આવેલા વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ અમૂલની મેનેજમેન્ટ અને માર્કેટિંગ કુશળતાનો લાભ દેશભરના ખેડૂતો સુધી પહોંચાડી ગ્રામ્ય સમૃદ્ધિને ગતિ આપવા માટે કટિબદ્ધ છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225